# જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૨/૨૦૨૨, તા.૨૯/૧૧/૨૦૨૨

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ-૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આવતીકાલ તા.૩૦/૧૧/૨૦૨૨ ના રોજ અમદાવાદ શહેરમાં મોહન સિનેમા ચાર રસ્તાથી છેલ્લા બસ સ્ટેન્ડ કલાપીનગર સુધી રોડ-શો નો કાર્યક્રમ યોજાનાર છે. જે કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેવા સારુ પધારનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા લોકો તથા આમજનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૩૦/૧૧/૨૦૨૨ ના રોજ મોહન સિનેમા ચાર રસ્તાથી છેલ્લા બસ સ્ટેન્ડ કલાપીનગર સુધી રોડ-શો નો કાર્યક્રમ યોજાનાર છે. જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ/વિસ્તાર પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત /ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ/વિસ્તારની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | બિપિન કોમ્પલેક્ષ ટી થી મોહન સિનેમા ચાર રસ્તા થી અસારવા ચકલા થઇ સંતોષીમાતા મંદિર થઇ ચમનપુરા સર્કલ થઇ ઓમનગર ટી (બાબા સાહેબ આંબેડકર સ્ટેચ્યુ) થઇ કલાપીનગર છેલ્લા બસ સ્ટેન્ડ તથા બળીયાલિમડી ચાર રસ્તા થી મોહન સિનેમા ચાર રસ્તા સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે. | બિપીન કોમ્પલેક્ષ ટી થઇ હોળી ચકલા થી ડાબી બાજુવળી એફ.એસ.એલ ચાર રસ્તા થી જમણી બાજુવળી વિકેટ ટી થઇ મેઘાણીનગર ચાર રસ્તા તરફ અવર જવર કરી શકાશે તથા બળીયાલિમડી ચાર રસ્તા થી ગિરધરનગર ઓવરબ્રિજ મધ્યભાગ થઇ ઇદગાહ સર્કલ થી ડાબી બાજુવળી ઇદગાહ ઓવરબ્રિજ મધ્યભાગ થી ડાબી બાજુવળી મોહનસિનેમા તરફનો માર્ગ અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

## -: જાહેરનામાની અમલવારીની તારીખ અને સમય :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને આવતીકાલ **તા.૩૦/૧૧/૨૦૨૨ ના કલાક ૧૪.૦૦ થી ૧૯.૦૦ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૯/૧૧/૨૦૨૨
અમદાવાદ શહેર

**( સંજય શ્રીવાસ્તવ )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ,અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :–**

(૧) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી,સેકટર–૧ અને ૨,ટ્રાફીક,મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ,અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક વહીવટ,અમદાવાદ શહેર (૮ નકલ)